सत्यमेव जयते

કેસ દાખલ તારીખઃ 08/03 /1995
રજી.થયા તારીખઃ 08/03/1995
ફેસલ કર્યા તારીખઃ 15/06 /2018
સમય ગાળોઃવર્ષ ... માસ .... દિવસ ....

| અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નંબરઃ૦૯માં.,મુ.અમદાવાદ |
|---|

ફો.કે.નંબરઃ૮૦૫/૧૯૯૫.

<u>આંક–</u>

ફરીયાદીઃ– શ્રી સરકાર.

(વિનોદભાઈ લવજીભાઈ ચુડાસ્મા )

<u>વિરૂદ્ધ.</u>

આરોપીઃ– (૧) ચંદ્રેશ ભાનુપ્રસાદ વ્યાસ.
રહે.શાહપુર,
ઘર નં.૩૨૧૯, અમદાવાદ.

(૨) ધર્મેશ દેવેન્દ્રપ્રાસાદ વ્યાસ.
રહે.એફ/૧૮/૨૦૬, ઉત્સવ સોસ.
નવા વાડજ, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય.
આરોપી તરફે વિ.વ.શ્રી એ.એસ.અમીન.

---

## ગુનો– ઈ.પી.કો. કલમઃ ૧૪૩,૩૨૩,૨૯૪(ખ) , ૫૦૪,૪૨૭,૫૦૬(૧),૧૧૪,૧૫૨ તથા બી.પી એક્ટ૧૩૫(૧) મુજબ.

---

## –ઃ જ જ મે ન્ટ ઃ–

---

(૧) ફરિયાદપક્ષનાં કેસની ટુકમાં હકિકત એવી છે કે, તારીખ ૨૩/૧૦/૧૯૯૪ ના રોજ ૨૩.૩૦ કલાકે ફરિયાદીનાં ઘરે આરોપીઓએ જઈ શેર બજારનાં પૈસાની માંગણી કરેલ અને ત્યારબાદ આરોપીઓ દ્વારા નચુકો તોડી ફરિયાદીને ગળદાપાટુનો માર મારેલ તેમજ ગાળો બોલી ફરિયાદીનું અપમાન કરેલ અને ચપ્પુ બતાવીને ફરિયાદીને મારી નાખવાની ધમકી આપેલ તેમજ જાહેરમાં હથીયાર ધારણ કરી મહે. પોલીસ કમીશ્નરના જાહેરનામાંનો ભંગ કરેલ જે બાબતની ફરિયાદ નારણપુરા પોલીસ સ્ટે.માં ફરિયાદ આપી. સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપી સામે તપાસ કરતાં, પુરતો પુરાવો મળી આવતા, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી સામે ઈ.પી.કો કલમઃ૧૪૩, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૪, ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪,૪૫૨ તથા બી.પી એક્ટ૧૩૫(૧) મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સામે વિધિસર સમન્સની બજવણી થતાં, આરોપી હાજર થતાં, ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૦૭ અન્વયે આરોપીને તપાસ અન્વયેનાં પોલીસ દસ્તાવેજો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સામે આંકઃ૦૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને આંક ૦૬ થી આરોપીનું નિવેદન નોંધતા, આરોપી દ્વારા ગુનાનો ઈન્કાર કરવામાં આવેલ ત્યાર બાદ પરિયાદપક્ષ તરફે પુરોવો રજુ કરવામાં આવેલ.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| (એ) મૌખિક પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | ગાંડાજી દેતાજી ઠાકોરની જુબાની | 7 |
| 2 | વિનોદભાઈ લવજીભાઈ ચુડાસ્માની જુબાની | 11 |

| (બી) દસ્તાવેજી પુરાવાઓ | | |
|---|---|---|
| અ.નં. | પુરાવાનું વર્ણન | આંક |
| 1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું | 8 |
| 2 | અસલ ફરિયાદ | 12 |
| 3 | હથીયાર બાબતનું પંચનામું | 13 |
| 4 | વિનોદભાઈની ઈજાનું પ્રમાણપત્ર | 14 |

(૪) ઉપર મુજબનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદપક્ષ તરફે આંકઃ૧૫ થી પુરાવા બંધ પુરસીસ આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે એફ.એસ. લાયક પુરોવો ના

હોય, તેઓના ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનાં નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ સરકાર પક્ષ તરફે તથા આરોપીઓ તરફે દલીલ કરવામાં આવેલ.

(૫) સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો તેમજ રેકર્ડ ધ્યાને લેતા ક્રિ.પ્રો.કોડની કલમ ૩૫૪(૧)(બી) અન્વયે ન્યાયીક નિર્ણય અર્થે નિચે મુજબનાં મુદ્દા ઉત્પન્ન થાય છે.

**–૦ મુદ્દા ૦ –**

(૧) શું ફરિયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી દ્વારા અન્ય આરોપીઓ સાથે ગેરકાયદેશર મંડળી બનાવી ફિરીયાદી પાસે જઈ ફરિયાદીનાં મકાનનો નચુકો દોડી નાખી. ફરિયાદીને ગળદાપાટુનો માર મારી ગાળો બોલેલ અને ફરિયાદીને બિભસ્ત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ વધુમાં જાહેરમાં હથીયાર ધારણ કરી આ કામનાં આરોપીઓ દ્વારા ભારતીય દંડસંહિતાની કલમઃ૧૪૩, ૩૨૩, ૨૯૪(ખ),૫૦૪, ૪૨૭, ૫૦૬(૨), ૧૧૪, તથા બી.પી એક્ટ૧૩૫(૧)મુજબનો ગુનો કરેલ?

(૨) શું હુકમ ?

(૬) ઊપરોકત મુદા નાં કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

## -ઃ ન્યાય નિર્ણય માટેનાં કારણો ઃ-

મુદ્દા નંબરઃ-૧.

(૭.૧) ફરિયાદપક્ષનાં આક્ષેપ અન્વયે આ કામનાં આરોપીઓ દ્વારા ગેરકાયદેશર મંડળી બનાવી ફરિયાદીને વ્યથા પહોચાડેલ તમજ ફરિયાદીને નુકસાન પહોચાડી બિભસ્ત ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જે અન્વયે સદર કામે તારીખ ૧૫/૦૨/૨૦૧૭ ના હુકમ અન્વયે આરોપી ચન્દ્રેશભાઈ ભાનુપ્રસાદ વ્યાસ પુરતો કેસ અલગ કરી અલગ ચલાવવાનો હકુમ કરવમાં આવેલ છે. જે અન્વયે આરોપી નં.૧ પુરતો કેસ અલગ ચાલેલ.

(૭.૨) સદર કામે ફરિયાદપક્ષની હકીકત પુરવાર કરવા આંકઃ૧૧ થી વિનોદભાઈ દ્વારા જણાવવામાં આવેલ કે, આ બનાવ તારીખ.૨૩/૧૦/૧૯૯૪ના રોજ રાત્રીનાં સુમારે મારા ઘરે બનેલ હતો. મારો દિકરો કમલેશ શેરબજારનો ધંધો કરતો હતો. આ બાનાવમાં આરોપી રાત્રીનાં સુમારે આવેલ અને સેરબાજાર નાં પૈસાની લેવડ-દેવડ માં મારા દિકરા સાથે મતભેદ હોય બોલાચાલી થયેલ તે અન્વયે ફરિયાદ આપેલ. સદર ફરિયાદી દ્વારા ફરિયાદની હકિકતને સમર્થન આપેલ ન હોય જેથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ અને તેઓએ જણાવેલ કે, એ વાત ખરી નથી કે, મે મારી પોલીસ ફરિયાદમાં એમ લખાવેલ છે કે, આ કામના આરોપીઓ મારી જાળીનો નકુચો તોડી નાખેલ અને બિભત્સ ગાળો બોલી પૈસાની માંગણી કરી ગળદાપાટુનો માર મારેલ અને ચપ્પુ બતાવી જાન થી મારી નાખવાની ધમકી આપેલ. વધુમાં ફરિયાદી ઉલટતપાસમાં જણાવેલ કે, એ વાત ખરી છે કે,

સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કાંઈ બનેલ નહી.

(૭.૩) આમ, આંકઃ૧૪ નાં દસ્તાવેજોનાં આધારે વિનોદભાઈ પોતે ઈજાપામનાર ઈસમ હોય તેઓ દ્ધારા પોતેજ ફરિયાદની હકીકતને સમર્થન આપેલ નથી. અને ફરિયાદી દ્ધારા પોતેજ પોતાની ઈજા થયેલ નથી તેમ જણાવે છે. જે સંજોગોમાં આ કામના આરોપીઓ દ્ધારા ફરિયાદીને વ્યથા કરવામાં આવેલ હોય કે, જાન થી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થયેલ નથી, તે જ રીતે આંક ૧૨ ની ફરિયાદની હકીકતો પણ પુરવાર કરેલ નથી જે અન્વયે આરોપી દ્ધારા ભારતીય દંડસહિંતાની કલમઃ ૧૪૩, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૫૦૪, ૪૨૭, ૧૧૪ તથા બી.પી એક્ટની કલમ ૧૩૫(૧) મુજબના ગુના કરેલ હોય તેવુ પુરવાર થતુ ન હોય મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

ઉપર મુજબની હકીકત, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ફરિયાદપક્ષ મુદ્ધ નં.૧ ની હકીકત પુરવાર કરી શકેલ ન હોય જે અન્વયે મુદ્દા નં.૨ અન્વયે નિચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**::::હુકમ::::**

(૧) આરોપી (૧) ચંદ્રેશ ભાનુપ્રસાદ વ્યાસ.રહે.શાહપુર,ઘર નં.૩૨૧૯, અમદાવાદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમઃ ૧૪૩, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૫૦૪, ૪૨૭, ૧૧૪ તથા બી.પી એક્ટની કલમ ૧૩૫(૧)ના ગુનામાથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૮(૨) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ

કરવામાં આવે છે.

(૨) આરોપીને છોડીમુક્વામાં આવેલ હોય જેથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭–ક મુજબ અપીલ સમય બાબતનાં જામીન તેમજ જાતમુચરકા રજુ કરવા. જો આરોપી દ્વારા તે મજુબ જામીન રજુ કરવામાં ન આવે તો ટ્રાયલ દરમ્યાન આપવામાં આવેલ જામીન ચાલુ રાખવા.

(૩) સદર કામે આરોપી નં.૨ અન્વયે ચાર્જશીટમાં હુકમ કરેલ હોય જેથી સંબંધીત પો.સ્ટે.ને તે માટેની યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો

**તારીખ:૧૫/૦૬/૨૦૧૮**
**મુ.અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Kalpesh Sonara, P.A.**